**સુરત મહાનગરપાલિકા**

**સુરત શહેર, મોજે: ડુમસ વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં.૮૨ (ડુમસ) તૈયાર કરવા બાબત.**

**અધિસૂચન**

ગુજરાત સરકાર,શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,ગાંધીનગરના તા.૨૦/૧૦/૦૬ના હુકમ ક્રમાંક : જીવિએ-૧૧૨૦૦૬-૨૭૯૫-લ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ની કલમ–૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની,હુકમ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ–૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં.૬૭/૨૦૦૮, તા.૨૩/૧૨/૦૮ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૮૨ માં જુદાની પેટા ઇનની સર્વેન ઇન્ફાની દર્શાવેલ ડુમસ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૮૨ (ડુમસ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગર પાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસો ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

નં.ટી.આર.ઓ./૫૦૯/૨૦૦૮-૦૯
તા. ૦૩-૦૧-૨૦૦૯

કમિશનર
સુરત મહાનગરપાલિકા

ઠરાવ :-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૩/૧૨/૦૮ ની રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

x x x x x x x x x

મ્યુ. કમિશનરશ્રીનાં તા.૧૯/૧૨/૦૮ ના પત્ર નં.ટીપીઓ/૮/૪૧ થી વિદિત થઈ, સુરત મહાનગર પાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૮૨ (ડુમસ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં જુદાની પેટા ઇનની સર્વેન ઇન્ફાની દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૮૨ (ડુમસ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૧ (૧) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજૂર કરવાનું, સદર અધિસૂચનની જાહેરાત ફેલાવો થવાના બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક–એક વખત પ્રસિદ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૬૭/૨૦૦૮ સર્વાનુમતે મંજૂર

---

## જાહેર નોટીસ

**મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૮૨ (ડુમસ)**

નગર રચના યોજના નં.૮૨ (ડુમસ) નો મુસદ્દો તૈયાર કરવા નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૬૭/૨૦૦૮, તા.૨૩–૧૨–૦૮થી ઈરાદો જાહેર કરેલ છે. જે અન્વયે ઉકત નગર રચના યોજનાઓનો મુસદ્દો અત્રેથી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનામાં નીચે મુજબની જમીનોનો સમાવેશ થાય છે.

**નગર રચના યોજના નં.૮૨ (ડુમસ)**

મોજે : ડુમસ સર્વે નં. ૧ થી ૪,૧૧/પૈકી, ૧૦૪ ,૫૮૯ થી ૬૩૬, ૭૩૪ થી ૭૭૦, ૭૭૪ થી ૮૦૦, ૮૧૩, ૯૦૫ થી ૯૧૧, ૯૧૪ થી ૯૨૪, ૯૨૫, ૯૨૬ થી ૯૩૫, ૯૩૭, ૯૩૮ થી ૧૦૦૫,૧૦૦૭

નગર રચના યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઉકત બ્લોક નંબરો / રેવન્યુ સર્વે નંબરોના જમીન માલિકોને નીચે મુજબના પુરાવાઓ સત્વરે અત્રેની કચેરીએ પહોંચી આપવા જણાવવામાં આવે છે.

(૧) જમીનની માલિકી અંગેના પુરાવા માટે ગામનાં ઉતારા નં. ૭–૧૨ ની નકલ.

(૨) આપની જમીન અંગેના હયાત સ્થળ સ્થિતિ દર્શાવતાં નકશામાં માપનાં આંકડા સાથેની સર્ટીફાઈડ એ નકલ (ડી.આઈ.એલ.આર.ની નકલ)

(૩) આપની જમીનમાં બાંધકામ થયેલ હોય તો તે અંગે મેળવેલ મંજૂરીની સર્ટીફાઈડ નકલ.

(૪) આપની જમીન બાબતે વિકાસ પરવાનગી મેળવેલ હોય તો તેના પ્લાનની અને રજા ચિઠ્ઠીની નકલ તથા એન.એ. થયેલ હોય તો તેના હુકમની નકલ.

(૫) જમીનમાં ભાગલા થયેલ હોય તો તેના પુરાવા, ભાગલા કરાર, ભાગલાના નકશા.

આ માટે જરૂરી પુરાવાઓ રજૂ કરવા જમીન માલિકોને અત્રેથી પત્રો લખવામાં આવી રહેલ છે. પરંતુ સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર જો તેઓને ઉકતપત્ર ન મળે તો આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન–૧૦ (દસ) માં ઉપર મુજબના પુરાવાઓ ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસ સિવાય કામકાજના સમય દરમ્યાન જે તે અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં રજૂ કરવા આથી જણાવવામાં આવે છે. જો પુરાવાના અભાવે નગર રચના યોજનામાં કોઈ ક્ષતિ થશે. તેની જવાબદારી અત્રેની રહેશે નહી. જેની નોંધ લેશો.

નં.ટી.આર.ઓ./૫૦૯/૨૦૦૮-૦૯
તા. ૦૩-૦૧-૨૦૦૯

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા



**સુરત શહેર, મોજે : ડુમસ વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં. ૮૨ (ડુમસ) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૭/૧૨/૦૬ના હુકમ ક્રમાંક :યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬૪/૨૦૦૮, તા.૨૩/૧૨/૦૮થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૮૨ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ડુમસ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૮૨ (ડુમસ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનિંગ વિભાગના નોટિસ બોર્ડ ઉપર, સુરત મહાનગર પાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

નં. પી આર ઓ/૫૦૯/૨૦૦૮-૦૯
૦૩/૧/૨૦૦૯

કમિશનર
સુરત મહાનગરપાલિકા

**ઠરાવ :- સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૩/૧૨/૨૦૦૮નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-**

મ્યુ.કમિશનરશ્રીનાં તા.૧૯/૧૨/૦૮ના પત્ર નં. સીપીસ/૮/૪૧ થી વિદિત થઈ, સુરત મહાનગર પાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૮૨ (ડુમસ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૮૨ (ડુમસ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું, સદર અધિસૂચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિદ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજ્યપત્રોમાં પ્રસિદ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૬૪/૨૦૦૮ સર્વાનુમતે મંજૂર**

# જાહેર નોટીસ

## મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૮૨ (ડુમસ)

નગર રચના યોજના નં. ૮૨ (ડુમસ)નો મુસદ્દો તૈયાર કરવા નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૬૪/૨૦૦૮, તા. ૨૩-૧૨-૦૮થી ઈરાદો જાહેર કરેલ છે. જે અન્વયે ઉક્ત નગર રચના યોજનાઓનો મુસદ્દો અત્રેથી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનામાં નીચે મુજબની જમીનોનો સમાવેશ થાય છે.

નગર રચના યોજના નં. : ૮૨ (ડુમસ)

મોજે :- ડુમસ સર્વે નં. : ૧ થી ૪, ૧૧/પૈકી, ૧૦૪, ૫૮૯ થી ૬૩૬, ૭૩૪ થી ૭૭૦, ૭૯૪ થી ૮૦૦, ૮૧૭, ૯૦૫ થી ૯૧૧, ૯૧૪ થી ૯૨૪, ૯૨૫, ૯૨૬ થી ૯૩૫, ૯૩૭, ૯૩૮ થી ૧૦૦૫, ૧૦૦૭

નગર રચના યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઉક્ત બ્લોક નંબરો/રેવન્યુ સર્વે નંબરોના જમીન માલિકોને નીચે મુજબના પુરાવાઓ સત્વરે અત્રેની કચેરીએ પાઠવી આપવા જણાવવામાં આવે છે.

(૧) જમીનની માલિકી અંગેના પુરાવા માટે ગામનાં ઉતારાં નં. ૭-૧૨ ની નકલ.
(૨) આપની જમીન અંગેના હયાત સ્થળ સ્થિતિ દર્શાવતાં નકશાનાં માપનાં આંકડા સાથેની સર્ટીફાઈડ બે નકલ (ડી.આઈ.એલ.આર.ની નકલ)
(૩) આપની જમીનમાં બાંધકામ થયેલ હોય તો તે અંગે મેળવેલ મંજૂરીની સર્ટીફાઈડ નકલ.
(૪) આપની જમીન બાબતે વિકાસ પરવાનગી મેળવેલ હોય તો તેના પ્લાનની અને રજા ચિઠ્ઠીની નકલ તથા એન.એ. થયેલ હોય તો તેના હુકમની નકલ.
(૫) જમીનમાં ભાગલા થયેલ હોય તો તેના પુરાવા, ભાગલા કરાર, ભાગલાના નકશા.

આ માટે જરૂરી પુરાવાઓ રજૂ કરવા જમીન માલિકોને અત્રેથી પત્રો લખવામાં આવી રહેલ છે. પરંતુ સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર જો તેઓને ઉક્ત પત્ર ન મળે તો આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દશ)માં ઉપર મુજબના પુરાવાઓ ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસ સિવાય કામકાજના સમય દરમ્યાન જે તે અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં રજુ કરવા આથી જણાવવામાં આવે છે. જો પુરાવાના અભાવે નગર રચના યોજનામાં કોઈ ક્ષતિ થશે. તેની જવાબદારી અત્રેની રહેશે નહીં. જેની નોંધ લેશો.

નં.પીઆરઓ/૫૦૯/૨૦૦૮-૦૯
તારીખ : ૦૩-૦૧-૨૦૦૯

ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા.